**વી. એસ. ગણેશવાલા**

**કાર્યપાલક ઈજનેર**

**સુરત મહાનગરપાલિકા**
**સાઉથ ઈસ્ટ ઝોન (લિંબાયત)**
**વાટીકા ટાઉનશીપ સામે,**
**ડુંભાલ,સુરત.**
**ફોન નં.૨૩૩૧૯૦૩/૯૦૪**

**નં.સા.ઈ.ઝોન/ટેક/૮૨૪૧**
**તા.૦૩/૦૧/૨૦૨૬**

## –:સંમતિ પત્રકઃ–

**પ્રતિ,**

**વિષયઃ**– સુરત મહાનગરપાલિકાના સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત) માં ટી.પી. સ્કીમ નં.૪૦(લિંબાયત–ડીંડોલી) વિસ્તારમાં આવેલ વિવિધ આંગણવાડીઓમાં વોલ પેઈન્ટીંગ(બાલા પેઈન્ટીંગ) કરવાનું કામ.

**સંદર્ભ :**–(૧) સ્થા. સમિતિ ઠરાવ નં.૪૮/૨૦૨૨, તા.૦૬/૦૧/૨૦૨૨થી મંજુર યુનિટ રેટના ભાવે અને શરતે.
(૨) મા. ડે. કમિશ્નરશ્રી ની તા. ૨૬/૧૨/૨૦૨૫ ના રોજની મંજુરી.

**મહાશય,**

ઉપરોકત વિષયના કામે સંદર્ભ–૧ માં જણાવ્યા અનુસારસુરત મહાનગરપાલિકાના સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત) માં ટી.પી. સ્કીમ નં.૪૦(લિંબાયત–ડીંડોલી) વિસ્તારમાં આવેલ વિવિધ આંગણવાડીઓમાં વોલ પેઈન્ટીંગ(બાલા પેઈન્ટીંગ) કરવાનું કામે મા.ડે.કમિશ્નરશ્રીની તા. ૨૬/૧૨/૨૦૨૫ ની મંજુરીથી આ અગાઉ મંજુર કરવામાં આવેલ સ્થા.સમિતિ ઠરાવ નં.૪૮/૨૦૨૨, તા.૦૬/૦૧/૨૦૨૨થી મંજુર યુનિટ રેટના ભાવે અને શરતે રકમ **રૂા.૫,૦૦,૦૦૦.૦૦ પૈ.(GST સહિત)**ની મર્યાદામાં સદરહું કામગીરી કરવા તમો રસ ધરાવતા હોવ, આપનું સંમતિપત્રક તા.૧૯/૦૧/૨૦૨૬ સુધીમાં નીચે સહી કરનારને મોકલવા ઘટતુ કરશો.

## –: શરતો :–

૧.અર્નેસ્ટમની ડીપોઝીટની રકમ કમિશ્નરશ્રી, સુરત મહાનગરપાલિકાના નામનો સુરતની રાષ્ટ્રીયકૃત શીડયુલ બેંકના ડીમાન્ડ ડ્રાફ્ટ/ પે. ઓર્ડરથી સંમતિપત્રક સાથે ૧.૦૦% પ્રમાણે રૂા.૫,૦૦૦. ૦૦ પૈ. આપવાના રહેશે.

૨. ઈજારદારે અંદાજીત રકમ ના ૨૦% કે તેથી વધુ રકમની વર્તમાન (ચાલુ) વર્ષની રાષ્ટ્રીયકૃત બેંકની સોલવંશી સર્ટીફીકેટ સંમતિપત્રક સાથે આપવાનીરહેશે.

૩. ઈજારદારે સમાન કાર્યો સફળતા પૂર્વક પૂર્ણ કર્યાનો અનુભવનાં સર્ટીફીકેટ(ફોર્મ –૩(A)) સંમતિપત્રક સાથે આપવાના રહેશે.

૪. ઈજારદારે છેલ્લા ૦૩(ત્રણ) વર્ષના આઈ.ટી. રીટર્ન સંમતિપત્રક સાથે આપવાનારહેશે.

૫. ઈજારદારે GSTરજીસ્ટ્રેશન સર્ટીફીકેટની પ્રમાણીત નકલ સંમતિપત્રક સાથે આપવાની રહેશે.

૬. ઈજારદારે પાન કાર્ડ રજુ કરવાનુંરહેશે.

૭. સ્થા.સમિતિ ઠરાવ નં.૪૮/૨૦૨૨, તા.૦૬/૦૧/૨૦૨૨થી મંજુરયુનિટ રેટના ભાવેઅને શરતે ટેન્ડરના પ્રાઇઝબીડ અને ટેકનીકલ બીડની શરતોને ઇજારદારશ્રી બંધનકર્તા રહેશે.

૮. કોઈપણ તથા બધાજ સંમતિપત્રક રદ કરવાનો અધિકાર સુરત મહાનગરપાલિકાને અબાધિત રેહેશે તે અંગે કોઈ પણ કારણો આપવામાં આવશે નહીં.

૯. તમામ પ્રકારના વેરા ઈજારદારે ભોગવાનાં રેહેશે.

૧૦. તમામ સરકારી/ અર્ધ સરકારી લાગુ પડતા કાયદાનું ઈજારદારે પાલનકરવાનુંરહેશે.

૧૧. સદર કામગીરી બાબતે અત્રેના હાઉસીંગ વિભાગના ટેકનીકલ સ્ટાફનો સંપર્ક કરવો.

૧૨. સદર કામગીરી ઉકત મંજુર થયેલ ટેન્ડરના Detiled Technical Specification મુજબ કરવાની રહેશે.

૧૩. આ કામ પુરુ કરવાની સમય મર્યાદા વર્ક ઓર્ડરની તારીખથી દિન–૧૦(દસ) પુરા થયેથી ૧૨(બાર)માસની ગણવાની રહેશે.

-Sd-
**કાર્યપાલક ઈજનેર**
**સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત)**
**સુરત મહાનગરપાલિકા**